

# સરદારધામ
## ડો. દુષ્યંત & દક્ષા પટેલ સંકુલ


કાર્યાલય : સરદારધામ-૩, L&T નોલેજ સિટી પાસે, વાઘોડિયા ક્રોસિંગ પાસે, વડોદરા- ૩૯૦૦૨૦ • ફોન નં. : ૭૫૭૫૦૩૩૦૦૧

ઈ-મેઈલ : sardardham.baroda@gmail.com વેબસાઈટ : www.sardardham.org • ટ્રસ્ટ રજી. નં. : ઈ/૨૦૯૨૪/અમદાવાદ I GSTIN : 24AAPTS3354N1ZU



FCRA Regd. No. : 041910486/Dated 11-03-2019 • 80(G) Regd. No. : AAPTS3354N/129/15-16/T-0398/80G(5)/Dated 09-09-2018


# છાત્રાલય પ્રવેશ નિયમાવલી

તા. 10/07/2026

## (નોકરી કરતા તમામ દીકરા-દીકરીઓને આ નિયમો લાગુ પડશે)

1. ચારિત્ર્ય ઘડતર, નેતૃત્વ, સમાજભાવના અને યુવાશક્તિના સર્વાંગી વિકાસ તેમજ સ્વાવલંબનની સાથે જીવનની સાચી કેળવણી માટે સરદારધામ દ્વારા આયોજીત જરૂરી પ્રવૃત્તિઓ / મોટીવેશનલ કાર્યક્રમો એવમ્ અન્ય કાર્યક્રમોમાં અનુકુળતા મુજબ હાજરી આપવાની રહેશે તેમજ સમયાંતરે કોલેજમાં અભ્યાસ કરતી દીકરીઓને યોગ્ય માર્ગદર્શન આપવાનું રહેશે.
2. **નોકરી કરતા દીકરા-દીકરીઓ વધુમાં વધુ 32 વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતા હોવા જોઇએ.**
3. **બાળકો ધરાવતા દીકરા-દીકરીઓ હોસ્ટેલમાં પ્રવેશ લઇ શકશે નહીં.** એકલા રહેતા દીકરા-દીકરીઓ જ હોસ્ટેલમાં પ્રવેશ મેળવી શકશે.
4. **નોકરી કરતા પતિ-પત્નીને નોકરી કરતા દીકરા-દીકરી તરીકેનો જ પ્રવેશ મળવાપાત્ર રહેશે,** પરંતુ બન્નેને એક જ રૂમમાં સાથે રહેવાની સુવિધા મળવાપાત્ર રહેશે નહિ. તેમ છતાં જો પતિ-પત્ની હોસ્ટેલના નિયમોનો ભંગ કરશે તો તેઓનો તાત્કાલિક ધોરણે પ્રવેશ રદ્દ કરવામાં આવશે.
5. **નાઈટ શીફ્ટ કરતા દીકરા-દીકરીઓએ તેમનાં માતા-પિતાનું નાઈટ શીફ્ટ કરવા અંગેનું લેખિત બાંહેધરી પત્રક લાવવાનું તથા નાઈટ શીફ્ટ તેમના જોખમે કરવાની બાંહેધરી આપવી પડશે.**
6. **UPSC-GPSC કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા આપતાં વિધુર, ત્યકતા-વિધવા, વિકલાંગ, માતા-પિતા વગરના, નિરાધાર દીકરા-દીકરીઓને પ્રેફરન્સ આપવામાં આવશે.**
7. હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર **નોકરી કરતી દીકરીઓની વાર્ષિક ફી રૂ. 60,000** રહેશે તેમજ **દીકરાઓની ફી રૂ. ૨૦૦ (પ્રતિ દિવસ)** રહેશે અને **રૂ.10,000 ડીપોઝીટ** અને **વાર્ષિક રૂ. ૩,૩૦૦ લોન્ડ્રી પેટે** પ્રવેશ વખતે ભરવાના રહેશે.
8. **પ્રવેશપત્ર સાથે :** **(1)** પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-2 **(2)** ધોરણ-10 અને 12ની માર્કશીટ **(3)** ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનની માર્કશીટની અધિકૃત વ્યક્તિની સર્ટિફાઈડ સહી-સિક્કા સાથેની નકલ **(4)** લીવીંગ સર્ટીફીકેટની નકલ **(5)** જોબ અપોઇન્મેન્ટ લેટર **(6)** જોબ આઇ-ડી પ્રુફ કોપી **(7)** લાસ્ટ 3 મહિનાની સેલેરી સ્લીપ **(8)** માતા-પિતાના ફોટોગ્રાફ જોડવા. બધા ડોક્યુમેન્ટ્સની ઓરીજીનલ અને નકલ બેય સાથે રાખવી. અધૂરી વિગતવાળું પ્રવેશફોર્મ રદ થશે.
9. **ભવનમાં નોકરી કરતા દીકરા-દીકરીઓએ** પોતાનું આઈ-કાર્ડ રેકટરશ્રી પાસેથી મેળવી લેવાનું રહેશે તેમજ સંસ્થા છોડતી વખતે પોતાનું આઈ-કાર્ડ ફરજિયાત રેકટરશ્રીને જમા કરાવવાનું રહેશે. મોબાઈલમાં આઈ-કાર્ડના ફોટાને માન્ય ગણવામાં આવશે નહીં. તેમજ આઈ-કાર્ડ ખોવાઈ, તૂટી જવાના કિસ્સામાં **રૂ. 50/-** ભરી નવું આઈ-કાર્ડ મેળવી લેવાનું રહેશે.
10. **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** પોતાને ફાળવેલ રૂમ, બેડ તેમજ ફ્લોર મુજબ જ રહેવાનું રહેશે. **કોઇપણ સંજોગોમાં જાતે રૂમ બદલવો નહીં.**
11. **નોકરી કરતા દીકરા-દીકરીઓનાં** Blood Relation ધરાવતા સગાં-સંબંધીઓ (ઓળખપત્ર ધરાવનાર) **ફક્ત રવિવારે સવારે 9.00 થી 12.00 દરમ્યાન જ મુલાકાત ખંડમાં તેમને મળી શકશે. વાલીઓને નોકરી કરતા દીકરા-દીકરીઓના રૂમમાં જવા દેવામાં આવશે નહિ.** વાલી તેમને મંજૂરી વગર બહાર લઈ જઈ શકશે નહિ. રેકટર ઓફિસમાં વાલી રજીસ્ટરમાં એન્ટ્રી કરી પોતાની ઓળખ આપીને મુલાકાત લેવાની રહેશે.

12. **નોકરી કરતા દીકરા-દીકરીઓની** ચાલચલગત સારી નહિ હોય, અન્ય દીકરા-દીકરીઓને કે વિદ્યાર્થીઓને નડતરરૂપ ગેરવર્તન કરતા હોય અથવા તો ક્રિકેટ મેચ દરમ્યાન કે જન્મદિન નિમિત્તે મોટે મોટેથી બુમ બરાડા પાડતા જણાશે તો કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે તેમજ એડમિશન રીન્યુ કરવામાં વર્ષ દરમિયાન તેમને મળેલ નોટીસ અને તેમણે આપેલ જવાબો વિગેરે બાબતો સાથે તેમની હિસ્ટ્રીનું મુલ્યાંકન કર્યા બાદ જ એડમિશન રીન્યુ કરી આપવામાં આવશે.

13. **બહારની વ્યક્તિને રૂમમાં મળવા બોલાવી શકાશે નહીં. હૉસ્ટેલ રૂમમાં કોઈપણ બહારની વ્યક્તિ ગેરકાનૂની રહેતા પકડાશે તો તે રૂમમાં રહી નોકરી કરતા દીકરા-દીકરીઓનો સંયુક્ત ગુનો ગણી તમામનો પ્રવેશ રદ કરવામાં આવશે.**

14. **નોકરી કરતા દીકરા-દીકરીએ** પોતાના વતનમાં અગર અન્ય સ્થળે જતા અગાઉ તેમજ આવ્યા પછી રેક્ટરને લેખિત જાણ કરવાની રહેશે. તેમની મંજૂરી મળ્યા પછી જ નોકરી કરતા દીકરા-દીકરીઓ બહાર જઈ શકશે. **નોકરીનો સમય પુરે થયે દીકરા-દીકરીએ નિયત સમયમર્યાદામાં હોસ્ટેલમાં પરત આવવાનું રહેશે.** રજા લંબાવવાની જરૂર પડે તો રેક્ટરની મંજુરી મેળવી લેવાની રહેશે. **હોસ્ટેલમાં પ્રવેશ્યા પછી સક્ષમ અધિકારીની પૂર્વમંજૂરી વગર બહાર નીકળી શકશે નહીં.** સક્ષમ સત્તાધિકારી દ્વારા રજા માગનાર દીકરા-દીકરીને વાલી / પતિ / પાલકની મંજૂરી મેળવીને જ અનુમતિ આપવામાં આવશે.

15. દરેક રૂમની સફાઇ તથા ટોઇલેટ / બાથરૂમની સફાઈ તેમજ રૂમમાં પીવાના પાણીની વ્યવસ્થા **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** જાતે જ કરવાની રહેશે. પોતાના રૂમની સફાઇની જવાબદારી રૂમમાં રહેતા **નોકરી કરતા દીકરા-દીકરીઓની** સામુહિક રહેશે. રૂમમાં પોતાના કપડાં વ્યવસ્થિત ગડી કરીને કબાટમાં મુકવાના રહેશે તેમજ પોતાનો બેડ અને કબાટ વ્યવસ્થિત રાખવાનાં રહેશે.

16. સંસ્થાની રૂમો-લોબી, દીવાલો, જાજરૂ-બાથરૂમ, રસોડું કે અન્ય જગ્યાએ થૂંકવું નહિ. કોઈપણ પ્રકારનું લખાણ લખવું નહિ કે કચરો નાખવો નહિ. કચરો કચરા ટોપલીમાં જ નાખવો. નિયમ ભંગ કરનારને જેટલી વખત પકડાય તે દરેક વખતે **રૂ. 500/-** દંડ કરવામાં આવશે તેમજ **પાણીનો વપરાશ સંયમથી કરવાનો રહેશે. નક્કી કરેલ સમયમર્યાદામાં જ પાણી આપવામાં આવશે.**

17. છાત્રાલયના ફર્નિચર, ઈલેક્ટ્રિક ફિટિંગ્સ, લાઈટ, જાજરૂ-બાથરૂમ, કોમન લાઈટ, રસોડાના વાસણો અને સંસ્થાનાં અન્ય સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. **નોકરી કરતા દીકરા-દીકરીઓ** દ્વારા હોસ્ટેલમાં કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો તેની પાસેથી **નુકસાનની પૂરેપૂરી રકમ વસૂલ કરવામાં આવશે** તેમજ રૂમના ફર્નિચરને તેમના સ્થાનેથી ખસેડી શકાશે નહિ. છાત્રાલયની રૂમોની અંદર કોઇપણ પોસ્ટર્સ, ફોટા, છાપાં, ચાર્ટ કે અન્ય લખાણો રૂમના કે સંસ્થાના ફર્નિચર, દીવાલ કે કાચ ઉપર ચોંટાડવા કે લગાડવા નહીં. આવું કરનાર ધ્યાનમાં આવતાં તેઓની પાસેથી **રૂ. 200/-**નો દંડ કરવામાં આવશે અથવા એડમિશન રદ કરવા કે યોગ્ય શિક્ષા કરવાની સત્તા સંસ્થાને આધિન રહેશે.

18. **નોકરી કરતા દીકરા-દીકરીઓ** કોઈપણ પ્રકારના જન આંદોલન / રાજકીય આંદોલન / ધાર્મિક આંદોલનમાં ભાગ લઈ શકશે નહીં તેમજ સોશિયલ મીડીયામાં અનધિકૃત ગ્રૂપમાં સામેલ થઈ સંસ્થા વિરૂદ્ધ પ્રચાર-પ્રસાર કરી સંસ્થાની છબીને નુકશાન પહોંચાડનાર **નોકરી કરતા દીકરા-દીકરીનું** એડમિશન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે.

19. નૈતિક ફરજના ભાગરૂપે સંસ્થામાં રહી **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** પોતાના સોશિયલ મીડિયા અને Whatsapp ગ્રૂપોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી મુકવી તેમજ તેનો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

20. સંસ્થામાં કોઈપણ પ્રકારનાં વ્યસનો જેવાં કે પાન-મસાલા, બીડી, સિગારેટ, તમાકુ-ગુટકા, કેફી પદાર્થ / માચીસ વગેરે નુકસાનકારક સામગ્રીના વપરાશ અને સંગ્રહ ઉપર સખત પ્રતિબંધ છે. આ નિયમોનો ભંગ કરનાર **નોકરી કરતા દીકરા-દીકરીઓનો** પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે.

21. રૂમમાં રેડિઓ, ટીવી,સ્પીકર, ટેપ કે અન્ય ખલેલ પહોંચાડતાં સાધનોનો ઉપયોગ કરવો નહિ અને જો પકડાશે તો જપ્ત થશે અને **રૂ. 1000/-** દંડ લેવામાં આવશે. ઉપરાંત **ઈલેક્ટ્રિક સાધનો જેવાં કે ઈલેક્ટ્રિક સગડી, ઈસ્ત્રી, હીટર વગેરે સાધનો વાપરી શકાશે નહિ તથા બંધ રૂમમાં ટ્યુબલાઈટ, લેમ્પ કે પંખા ચાલુ રાખી શકાશે નહિ.**

22. મોબાઈલ કે લેપટોપનો ઉપયોગ ફક્ત ઓફિસ કાર્ય માટે કરવાનો રહેશે તેમજ મોબાઈલ કે લેપટોપ બીજાને ડિસ્ટર્બ થાય તેવા મોટા અવાજે વાપરવા નહીં. તેમ કરતા જણાશે તો **રૂ. 1000/-** નો દંડ લેવામાં આવશે.

23. **સંસ્થા છોડતી વખતે અરજી સાથે ડિપોઝિટ ભર્યાની પહોંચ જમા કરાવવી ફરજિયાત છે. છાત્રાલય છોડતા પહેલાં રેક્ટરનું રૂમ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું જરૂરી રહેશે.** જે ડીપોઝીટ પાછી મેળવતી વખતે રજુ કરવાનું રહેશે. નિર્ધારીત સમયમર્યાદામાં આપના બેંક ખાતામાં ડિપોઝિટની રકમ જમા કરવામાં આવશે.

24. **નોકરી કરતા દીકરા-દીકરીઓને અન્યના રૂમમાં જવાની મનાઈ રહેશે.** તેમ છતાં જો કામ હોય તો **સવારે 7.00 થી 8.00** અને **સાંજે 7.00 થી 8.30** કલાક સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. અન્યથા શિસ્તભંગ ગણાશે.

25. લોબીમાં આંટા મારવાની કે ઊભા રહેવાની સખ્ત મનાઈ છે તેમજ દરેક **નોકરી કરતા દીકરા-દીકરીઓએ છાત્રાલયના પરિસરમાં (કેમ્પસમાં) સભ્યતાથી વર્તવું તેમજ સભ્યતાવાળાં કપડાં પહેરવાં. ટૂંકાં વસ્ત્રો પહેરવા નહીં.** કેમ્પસમાં અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે. જેનાથી ભવિષ્યમાં ઊભા થતાં ઝઘડા ટાળી શકાય. ભંગ કરવાના પ્રસંગે **રૂ. 100/-** દંડ લેવામાં આવશે.

26. **બહારથી નાસ્તો લાવી શકાશે નહીં કે ઓર્ડર કરીને મંગાવી શકાશે નહી.** ડાઈનિંગ હોલમાં કિચનની કોઈપણ વસ્તુ (થાળી,વાટકી, ચમચી,પ્યાલો, ડિશ) વગેરે રૂમમાં કે અન્ય જગ્યાએ લઈ જનાર સામે શિસ્ત ભંગના પગલાં લેવામાં આવશે તેમજ વસ્તુ દીઠ **રૂ. 50/-** દંડ વસુલ કરવામાં આવશે. રેકટરશ્રી પાસેથી દંડની રસીદ લેવાની રહેશે.

27. દરેક **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** સંસ્થા દ્વારા યોજાતા રાષ્ટ્રીય તહેવારો તથા અન્ય પ્રસંગોની ઉજવણીમાં ફરજીયાત હાજરી આપવાની રહેશે તેમજ તેમાં જોડાઇને સેવા આપવાની રહેશે.

28. આંધી-વરસાદ,વીજળી પડવી જેવી કુદરતી આફતો અને ભૂકંપ, આગ તેમજ અન્ય કોઈપણ પ્રકારે **નોકરી કરતા દીકરા-દીકરીઓની** જાનહાની થાય તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

29. **જિમ્નેશિયમમાં સવારે 5:00 થી 8:00 અને બપોરે-3:00 થી 6:30 સુધી જ પ્રવૃત્તિ ચાલશે.**

30. સંસ્થામાં વાલીનો જ નંબર આપવાનો રહેશે. રજિસ્ટર કરેલ વાલીના મોબાઈલ નંબર સિવાય કોઈપણ અન્ય ફોન પર રજા માટેની મંજૂરી મળી શકશે નહીં. વાલીના રજિસ્ટર્ડ મોબાઈલ નંબરમાં ફેરફાર વાલીની મંજૂરી વગર થશે નહીં.

31. છાત્રાલયમાં **નોકરી કરતા દીકરા-દીકરીઓએ રોકડ રકમ, કિંમતી દાગીના કે અન્ય કિમતી ચીજવસ્તુ રાખવી નહીં. દાગીના પહેરવા નહિ. તેમ છતાં ચોરી થશે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર અથવા કાર ધરાવનાર દીકરા-દીકરીઓએ પોતાના વ્હીકલની આર.સી બુક તેમજ ડ્રાઇવિંગ લાઈસન્સની ઝેરોક્ષ ફરજિયાત આપવાની રહેશે. વાહનની નોંધણી ફરજીયાત કરાવવાની રહેશે.**

32. દરેક **નોકરી કરતા દીકરા-દીકરીઓને** પલંગ, બેડ (પથારી), ઓશીકું (પીલો), રાઈટિંગ ચેર તથા કબાટ આપવામાં આવશે. બેડશીટ, ચોરસો તથા પીલો કવર (સેટ-2) અને ચાદર-1 સંસ્થામાંથી ચાર્જથી મળશે. દરેક રૂમમાં સિલિંગ ફેન, ટયુબલાઈટ, એક મોટી બાલટી, એક નાની બાલટી, બે ટમ્બલર, ડસ્ટબિન આપવામાં આવશે, જેની સાચવણીની જવાબદારી રૂમમાં રહેતા તમામની સામુહિક રહેશે. દરેક રૂમ વ્યવસ્થિત અને પથારી સુઘડ રાખી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવાનું રહેશે. **દર 8 દિવસે** તમામની સ્વખર્ચે બેડશીટ, પીલો કવર ધોવડાવવાનાં રહેશે કે જાતે ધોવાના રહેશે.

33. **સંસ્થા તરફથી રસોડાનું સંચાલન કરવામાં આવે છે.** જ્યારે સંસ્થાનું રસોડું ચાલુ હશે ત્યારે તમામ **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** સંસ્થાના રસોડામાં જ જમવાનું રહેશે. **ભોજનાલયના સઘળા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.** ડિશમાં એંઠવાડ જેવા કે રોટલી, દાળ-ભાત, શાક વગેરે વસ્તુ પડતી મૂકવી નહિ. આવું કરનારને **રૂ. 500/-**નો દંડ કરવામાં આવશે. છાત્રાલયનો નક્કી કરેલો **ભોજન સમય – સવારનો નાસ્તો 6.30 થી 8.00 કલાક** સુધી, **બપોરનું ભોજન 11:00 થી 1.30 કલાક** સુધી, **સાંજનું ભોજન 7:00 થી 8:30 કલાક** સુધી જ રહેશે. સમય પૂરો થયા બાદ વ્યવસ્થા થશે નહિ. **ભોજનનો સમય અનુકૂળ હોય તેમણે જ પ્રવેશ મેળવવો.** સંસ્થાના મેનુ મુજબ જ રસોઈ બનશે, અલગથી બનશે નહિ. **બપોર માટે ફક્ત એક વ્યક્તિ પુરતું જ ટીફીન લઇ જવા દેવામાં આવશે.**

34. છાત્રાલયના વહીવટકર્તાઓ, ટ્રસ્ટીશ્રી, સમાજના વડીલો, આગેવાનો, ગૃહપતિ અને અન્ય કર્મચારીઓ સાથે પ્રત્યેક **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** વિનયપૂર્વક વર્તવાનું રહેશે. એમની સાથે અનિષ્ટ વ્યવહાર કે તકરાર કરનારનો પ્રવેશ વાલીશ્રીને જાણ કર્યા વગર જ રદ કરાશે.

35. **નોકરી કરતા દીકરા-દીકરીઓને** પાર્ટીમાં જવાની પરવાનગી છાત્રાલયમાંથી મળશે નહિ તેમજ બારોબાર સગા-સંબંધી અથવા મિત્રના ઘરે જઈ શકશે નહિ. જશે તો વાલી વિના છાત્રાલયમાં પ્રવેશ મળશે નહિ. સંસ્થામાં બર્થ-ડે પાર્ટી કે અન્ય પાર્ટી ઉજવવા દેવામાં આવશે નહિ. આવી પાર્ટી ઉજવતાં જણાશે તો એડમિશન રદ કરવામાં આવશે.



Continue...

36. **હૉસ્ટેલમાંથી નોકરી કરતા દીકરા-દીકરીઓનો નિમ્ન લિખિત બાબતમાં પ્રવેશ રદ કરવામાં આવશે.**

1. પોતાની સાથે હાનિકારક હથિયાર રાખશે.
2. તોડફોડ અને મારપીટની પ્રવૃત્તિ કેમ્પસના અંદર કે બહાર કરશે.
3. છેતરપીંડીના કેસમાં સામેલગીરી.
4. ગંજીપા-જુગાર રમવા અથવા અન્ય રમતો.
5. સંસ્થાની છબીને જાણી જોઈને ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરશે.
6. સંસ્થાના હિત વિરુધ્ધનું વર્તન કરે ત્યારે.
7. સંસ્થાના નિયમોનું ઉલ્લંઘન કરે ત્યારે.
8. ઉશ્કેરણીજનક વર્તન કે પ્રવૃતિ કરતા જણાય ત્યારે.
9. ખોટી માહિતી રજૂ કરી પ્રવેશ મેળવાનું ધ્યાન પર આવે ત્યારે.
10. ઓનલાઈન માધ્યમથી કોઈપણ ખાદ્ય પદાર્થો મંગાવશે ત્યારે.

37. **સંસ્થાના હોદ્દેદારો કે પદાધિકારીઓ ગમે તે સમયે** નોકરી કરતા દીકરા-દીકરીઓના **રૂમ કે સરસામાનની તપાસ કરી શકશે** અને તપાસ દરમ્યાન પ્રતિબંધિત ચીજવસ્તુઓ ધ્યાનમાં આવશે તો નોકરી કરતા દીકરા-દીકરીઓ શિક્ષા તેમજ દંડને પાત્ર રહેશે.

38. **પૂર્વ મંજૂરી સિવાય રાત્રે ૯.૦૦ કલાક પછી છાત્રાલયમાંથી બહાર જવા દેવામાં કે રાત્રે ૧૦.૦૦ કલાક પછી બહારથી છાત્રાલયમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ.** સંજોગોવશાત નોકરીના સ્થળે વધુ રોકાવાનું થાય તો રેક્ટરને ફરજીયાત જાણ કરવાની રહેશે. અમદાવાદ શહેરમાં સગા-સબંધીના અને અન્ય વ્યક્તિઓના ઘરે કોઈ પ્રસંગ કે કામ માટે રજા આપવામાં આવશે નહીં. નિયત સમય કરતાં મોડા આવનાર દીકરા-દીકરીઓ પાસેથી પ્રથમ વખતે OTRમાં નોંધ કરીને **રૂ. 500/-** અને દ્વીતિય વખતે **રૂ. 1000/-** દંડ વસુલ કરવામાં આવશે. અને તૃતિય વખતે એડમિશન રદ કરવામાં આવશે.

39. **નોકરી કરતા દીકરા-દીકરીઓને** સૂચિત કરવામાં આવે છે કે આવવા-જવા માટે મુખ્ય પ્રવેશદ્વારનો જ ઉપયોગ કરવો ફરજિયાત છે. જો કોઈ દીવાલ કે ઝાંપો કૂદી અન્ય ખોટી રીતે સંસ્થામાં પ્રવેશ કરશે કે બહાર જશે તો તેનું એડમિશન રદ કરવામાં આવશે.

40. **હોસ્ટેલમાં નોકરી કરતી દીકરીઓને ૨ વર્ષ અને નોકરી કરતા દીકરાઓને હાલ ૧ વર્ષ સુધી જ હોસ્ટેલમાં રહેવાની સગવડ મળી શકશે અને આ બાબતોનો સંપૂર્ણ અધિકાર સક્ષમ સત્તાધિકારીનો રહેશે, જેની ખાસ નોંધ લેવી.**

41. છાત્રાલયમાં રહી **નોકરી કરતા દીકરા-દીકરીઓ** કોઈપણ જગ્યાએથી કે રૂમમાંથી કોઈપણ વસ્તુ બિનઅધિકૃત રીતે લઈ જતા પકડાશે તો તાત્કાલિક એડમિશન રદ કરવામાં આવશે. છાત્રાલયની રૂમમાં રહેતા દીકરા-દીકરીઓએ રૂમની અંદર થયેલા નુકસાન સરખે ભાગે વહેંચી લેવાનું રહેશે તેમજ જે તે માળની લોબીમાં નુકસાન થશે તો તે માળે રહેતા તમામ નોકરી કરતા દીકરા-દીકરીઓને સરખા હિસ્સે નુકસાન ભોગવવાનું રહેશે.

42. છાત્રાલયમાં દાખલ થનાર **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** પોતાની કાયમી બીમારી અંગેની જાણ સંસ્થાને અગાઉથી કરવાની રહેશે. સંજોગોવશાત બીમાર દીકરા-દીકરીઓની તાત્કાલિક સારવાર કરાવવા માટે સંસ્થા કાર્યવાહી કરશે. જેનો ખર્ચ વાલીએ સારવાર થયા બાદ સંસ્થાને ચુકવવાનો રહેશે. માંદગીના સંજોગોમાં સંભાળ રાખવા માટે અમદાવાદમાં રહેતા બે સગા-સબંધીઓના મોબાઈલ નંબર, સરનામું, ઈ-મેલની વિગતો આપવાની રહેશે. બીમારીના સંજોગોમાં **નોકરી કરતા દીકરા-દીકરીઓને** ગૃહપતિ / ગૃહમાતાની મંજૂરી મેળવ્યા બાદ ઘરે લઈ જવા દેવામાં આવશે.

43. સંસ્થાના ગેટની બહાર ગયા બાદ **નોકરી કરતા દીકરા-દીકરીઓની** તમામ જવાબદારી દીકરા-દીકરીઓની પોતાની અને તેમના વાલીની રહેશે જેની ખાસ નોંધ લેવી.

44. **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** એડમિશન માટે, રીન્યુઅલ માટે, લીવ માટે, ગેટપાસ માટે અથવા અન્ય કોઇપણ રેકટર સંબંધિત કામો, અન્ય કોઇ જરૂરી કારણો માટે **સવારે-9.30 થી સાંજે-6.30** સુધીમાં જ રેકટર મિત્રોનો સંપર્ક કરવાનો રહેશે. એ સિવાય આકસ્મિક લીવ લેવાની થાય કે અન્ય કોઇ કારણો ઊભા થાય તો **નોકરી કરતા દીકરા-દીકરીઓ** 24 કલાકમાં ગમે ત્યારે રેક્ટર મિત્રોનો સંપર્ક કરી શકશે.

44. હોસ્ટેલમાં રહેતા **નોકરી કરતા દીકરા-દીકરીઓ** વચ્ચે અંદરો અંદર તકરાર કે ઝઘડા થાય અથવા કોઇ બનાવ બને અને પોલીસ કેસ કે કોર્ટ કેસ દાખલ થાય ત્યારે તેની સંપુર્ણ જવાબદારી જે તે દીકરા-દીકરીની પોતાની રહેશે.

## ફી ભરવા અંગેની જરૂરી સૂચનાઓ બાબત

(1) **સરદારધામ હોસ્ટેલમાં ફી રોકડમાં લેવામાં આવતી નથી, જેની ખાસ નોંધ લેવી.**

(2) **હોસ્ટેલ ફી નેટ બેન્કિંગ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અને UPI થી જ લેવામાં આવશે.** જો કોઈ યોગ્ય કારણ હોય તો જ ફી ચેકથી લેવામાં આવશે અને ચેક જમા થયા પછી પ્રવેશ અંગેની આગળની કાર્યવાહી થશે. જો કોઈ કારણોસર ચેક રીર્ટન આવશે તો બેંક ચાર્જ નોકરી કરતા દીકરા-દીકરીઓએ ભોગવવાનો રહેશે.

(3) ફી ભરાઈ ગયા બાદ ફી રસીદ માટે **2 થી 3 કલાક**ની રાહ જોવાની રહેશે. ત્યાર બાદ પણ ફી રસીદ ના મળે તો રેક્ટરશ્રીને જાણ કરવાની રહેશે.

(4) ઓનલાઇન ફી ભરતા પહેલાં મોબાઈલમાં નેટ આવે છે કે નહીં તે ચેક કર્યા બાદ જ ફી ભરવી.

(5) જો **નોકરી કરતા દીકરા-દીકરીઓ** દ્વારા ભૂલથી બે વાર ફી ભરાઈ જાય તો તેની જવાબદારી દીકરા-દીકરીઓની પોતાની રહેશે.

(6) **હોસ્ટેલ ડીપોઝીટ અને ફી રીફંડ નિયમમાં હશે તે અનુસાર જ મળવાપાત્ર થશે.** ફી રીફંડની રકમ **નોકરી કરતા દીકરા-દીકરીઓના** બેંક ખાતામાં અથવા વાલીના બેંક ખાતામાં જમા આપવામાં આવશે. અન્ય બેંક ખાતામાં રકમ જમા આપવામાં આવશે નહીં. રીફંડ રકમ અરજી મળ્યા બાદ **10 થી 15 દિવસમાં જમા આપવામાં આવશે.** તે પહેલા ફી રીફંડ માટે કોલ કરવો નહીં.

(7) રીફંડ અરજીમાં જે રકમ આવેલ હશે તે રકમ જ નિયમાનુસાર ચેક કર્યા બાદ રીફંડ મળવાપાત્ર થશે.

(8) સમય પૂર્ણ થતાં **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** તે દિવસે જ રૂમ ખાલી કરવાની રહેશે. સમય પૂરો થયા બાદ વગર પરવાનગીએ રહેનાર દીકરા-દીકરી પાસેથી દરરોજના **રૂ. 1000/-** લેખે ચાર્જ વસુલ કરવામાં આવશે.

(9) ફી ભર્યા પછી ચાલુ વર્ષે કોઈપણ કારણોસર **નોકરી કરતા દીકરા-દીકરીઓ** છાત્રાલય છોડીને જતા રહે તો એક માસ કે તેથી ઓછો સમય હોય તો એક માસ સુધીની ફી પરત કરવામાં આવશે નહીં.

(10) **નોકરી કરતા દીકરા-દીકરીઓએ** રીફંડ માટે ફરજીયાત ઓનલાઈન અરજી જ કરવાની રહેશે. અન્ય વ્યક્તિ દ્વારા કે મિત્ર દ્વારા અથવા અન્ય કોઈ રીતે અરજી કરેલ હશે તો એ અરજી માન્ય ગણવામાં આવશે નહીં.

ઉપરોક્ત પૈકી કોઈપણ નિયમનો ભંગ થતાં નોકરી કરતા દીકરા-દીકરીઓનો પ્રવેશ રદ થશે. પ્રવેશ રદ થતાં તમામ ભરેલ રકમો જપ્ત થશે. જેનું કોઈપણ વળતર (રીફંડ) આપવામાં આવશે નહીં. આ અંગેનો વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે. ચાલુ નિયમમાં વહીવટકર્તાઓને જરૂર જણાય તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરી શકશે તે તમામને બંધનકર્તા રહેશે તેમજ નિયમો અંગે વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.

છાત્રાલયમાં રહેવા માટે બનાવેલા નિયમો સમજી-વાંચ્યા બાદ તેનું ચુસ્તપણે પાલન કરવા માટે મેં અનુમતિ આપીને સહી કરેલ છે તેમજ આ નિયમોની એક કોપી મને મળેલ છે જેનું હંમેશાં પાલન કરીશ અને હોદ્દેદારશ્રીઓ જ્યારે આ નિયમો જોવા માગશે ત્યારે હું આ નિયમાવલી આપવા પણ બંધાયેલ છું.

**તારીખ : / / 2026**

**દીકરા/દીકરીની સહી** ____________________ **વાલીની સહી** ____________________

**ગગજી સુતરિયા**
**પ્રમુખ સેવક**

**દુષ્યંતભાઈ પટેલ**
**પ્રમુખ-મધ્ય ગુજરાત**